


# ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 282
Dt.: 23-06-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa





# તંત્રી લેખ......

## હાનિકારક દવાઓ

કેન્દ્ર સરકારે ૧૬ દવાઓ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે જે બે કે તેથી વધુ દવાઓનું મિશ્રણ કરે છે અને ગોળીઓ, કેપ્સ્યુલ્સ અથવા સિરપના સ્વરૂપમાં બનાવવામાં આવે છે. આ ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન દવાઓના ઉત્પાદન, વિતરણ અને વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો કારણ કે એવું જાણવા મળ્યું હતું કે તેમના ઉપયોગ માટે કોઈ નક્કર તબીબી આધાર નથી અને તેમનો સતત ઉપયોગ હાનિકારક છે.

પ્રશ્ન એ છે કે, જો આવું હતું, તો આ દવાઓનું ઉત્પાદન અને વેચાણ શા માટે કરવાની મંજૂરી આપવામાં આવી? કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયનો ખુલાસો કે આ પગલું જાહેર આરોગ્યનું રક્ષણ કરવા, દવાઓના તર્કસંગત ઉપયોગને પ્રોત્સાહન આપવા અને માત્ર વૈજ્ઞાનિક રીતે સાબિત દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યું છે તે અવિશ્વસનીય છે.

આ પગલાં સમયસર કેમ લેવામાં આવ્યા ન હતા? એ નોંધવું જોઈએ કે આમાંની ઘણી દવાઓ અજ્ઞાત સમયગાળા માટે બનાવવામાં અને વેચવામાં આવી છે. આ પહેલી વાર નથી જ્યારે એફડીસી દવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય. અગાઉ, વૈજ્ઞાનિક સમીક્ષા પછી ઘણી એફડીસી દવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

કોઈને પણ સમજવું મુશ્કેલ છે કે એફડીસી અને અન્ય દવાઓની અસરકારકતા અને ગુણવત્તા માટે તેમની સંપૂર્ણ ચકાસણી કેમ કરવામાં આવતી નથી. એ વાતને અવગણવી ન જોઈએ કે ૧૬ દવાઓનું પરીક્ષણ સુપ્રીમ કોર્ટના નિર્દેશ પછી જ કરવામાં આવ્યું હતું. એક રીતે, સરકારે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પછી જ જે કરવું જોઈતું હતું તે કર્યું. આ દર્શાવે છે કે આપણા દેશની દવા નીતિ યોગ્ય નથી.

આના પુરાવા બહાર આવતા રહે છે. હલકી ગુણવત્તાવાળા અથવા નકલી દવાઓના કિસ્સાઓ સપાટી પર આવતા રહે છે. જ્યારે પણ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન ગુણવત્તા નિરીક્ષણ અહેવાલ બહાર પાડે છે, ત્યારે તે દર્શાવે છે કે અસંખ્ય દવાના નમૂનાઓ નિષ્ફળ ગયા છે. ક્યારેક, નમૂનાઓ એટલા ખરાબ હોય છે કે રાજ્ય સરકારોને સંકળાયેલી દવા કંપનીઓના લાઈસન્સ સસ્પેન્ડ કરવાની ફરજ પડે છે. આમ છતાં, હલકી ગુણવત્તાવાળી, નકલી દવાઓનું ઉત્પાદન અને વેચાણ ઘટવાના કોઈ સંકેત દેખાતા નથી.

સૌથી ચિંતાજનક પરિસ્થિતિ કફ સિરપની છે. ગયા વર્ષે, ઝેરી કફ સિરપ ખાવાથી ૨૦ થી વધુ બાળકો મૃત્યુ પામ્યા હતા. આ ઘટના બાદ, સરકારે હલકી ગુણવત્તાવાળા કફ સિરપનું ઉત્પાદન કરતી કંપનીઓ સામે કડક કાર્યવાહી કરી હોવાનું જણાયું હતું, પરંતુ સત્ય એ છે કે આવા કફ સિરપનું ઉત્પાદન સતત ચાલુ છે. હવે, સરકારે નિર્ણય લીધો છે કે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના કફ સિરપ ઉપલબ્ધ રહેશે નહીં. કોઈ સમજી શકે છે કે હલકી ગુણવત્તાવાળા કફ સિરપના ઉત્પાદન અને વેચાણની ગંભીર સમસ્યાને ઉકેલવાનો આ અસરકારક રસ્તો નથી.

## ગુજરાતમાં છેલ્લા ૪ વરસમાં ૧૦૬૩ વિદ્યાર્થીઓએ જીવન ટુંકાવ્યુ: કોંગ્રેસના સરકાર પર આકરા પ્રહાર



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સહિત સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ અને ૧૮ વરસથી ઓછી ઉંમરના કિશોરોમાં આત્મહત્યાનુ પ્રમાણ ચિંતાજનક હદે વધી રહ્યુ છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરો (એનસીઆરબી) ના તાજેતરના આંકડાઓ ટાંકીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવકતા ડો. મનિષ દોશીએ રાજયની ભાજપ સરકારની શિક્ષણ નીતીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ભાજપનુ કહેવાતુ વાઈબ્રન્ટ શિક્ષણ મોડેલ આજે યુવાનો માટે જીવલેણ સાબિત થઈ રહ્યુ છે.

શિક્ષણના નામે થઈ રહેલી ઉઘાડી લુંટ, સતત ફુટતા પેપરો અને ભવિષ્યની અનિશ્ચિતતાના કારણે લાખો વિદ્યાર્થી આજે અસહ્ય માનસિક દબાણ હેઠળ જીવવા મજબુર બન્યા છે. તો બીજી તરફ રાષ્ટ્રીય સ્તરની સ્થિતિ પણ એટલી જ બિહામણી છે, એનસીઆરબીના ડેટા અનુસાર વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ ના ૫ વરસના સમયગાળા દરમિયાન દેશભરમાં ૧૮ વરસથી ઓછી ઉંમરના ૬૩,૯૧૫ બાળકો અને કિશોરોએ ગળે ફાંસો કે અન્ય રીતે જીવન ટુંકાવી લીધુ હતું. આનો અર્થ એ થયો કે દેશમાં સરેરાશ દરરોજ ૪૦ થી વધુ માસુમ કિશોરો આત્મહત્યા કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ ના ગાળામાં બાળકોમાં આપઘાતના કેસોમાં અંદાજે ૧૬ ટકા જેટલો જંગી અને ચિંતાજનક વધારો નોંધાયો છે. જે લાલબત્તી સમાન છે.

કોંગ્રેસ પ્રવકતાએ કહ્યુ હતુ કે આ માત્ર શુષ્ક આંકડા નથી, પરંતુ તેની પાછળ એક આખો પરીવાર બરબાદ થઈ જાય છે અને માતા પિતાના આક્રંદ છુપાયેલા છે. આ જ સમયગાળામાં ૩૦ વરસથી ઓછી ઉંમરના ૧૨,૫૯૮ યુવાનોએ માત્ર ને માત્ર પરીક્ષામાં નિષ્ફળતા મળવાના ડર અથવા નિષ્ફળ જવાને કારણે મોત વ્હાલુ કર્યુ છે. દેશમાં દરરોજ સરેરાશ ૫ થી વધુ યુવાનો પરીક્ષાના ભારણને લીધે દમ તોડી રહ્યા છે. દેશમાં માત્ર વર્ષ ૨૦૨૪ ના એક જ વર્ષમાં કુલ ૧૪,૪૮૮ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોવાનુ સત્તાવાર રેકોર્ડ પર આવ્યુ છે. વિદ્યાર્થીઓના તુટી રહેલા સપનાઓ અને વધતી નિરાશા પાછળ સરકારી તંત્રની નિષ્ફળ નીતીઓ જવાબદાર છે. છેલ્લા કેટલાક વરસોમાં નીટ, જી, ગુજકેટ, જીપીએસસી અને યુપીએસસી સહિતની દેશની પ્રતિષ્ઠિત ગણાતી પ્રવેશ અને ભરતી પરીક્ષાઓમાં મોટાપાયે પીપરલીક, ગેરરીતીઓ અને કરોડોના કૌભાંડો બહાર આવ્યા છે. વિદ્યાર્થીઓ રાત દિવસ એક કરીને મહેનત કરે છે. મધ્યમવર્ગીય પરીવારો પેટે પાટો બાંધીને લાખો રૂપીયા ભરીને કોચીંગ ફી ભરે છે. પરંતુ અંતે ભ્રષ્ટ સિસ્ટમ પેપરલીક કરીને તેમના ભવિષ્ય સાથે ભયાનક ખેલ ખેલે છે. સરકાર પર પ્રહારો કરતા ડો. મનિષ દોશીએ વધુમાં જણાવ્યુ હતુ કે આજે દેશમાં એવી ભયંકર બેરોજગારી છે કે યુવાનો લાખો રૂપીયા ખર્ચીને ડીગ્રી મેળવે તો પણ નોકરીની કોઈ ગેરન્ટી હોતી નથી. સરકારી ભરતીઓની પરીક્ષાઓ લેવાય તો તેના પરીણામો વરસો સુધી અટકી પડે છે. અથવા કોર્ટ કચેરીના ચક્કરમાં ફસાઈ જાય છે. આ અનિશ્ચિતતા યુવાનોને માનસિક રીતે તોડી નાખે છે. આટલા મોટા કૌભાંડો થવા છતાં સરકારે કયારેય કોઈ મોટા ઉચ્ચ અધિકારી કે વગદાર રાજકીય વ્યકિત વિરૂધ્ધ કડક કાનુની પગલા ભર્યા નથી. જેના કારણે દર વરસે નવી ગેરરીતીઓ બહાર આવે છે.

જિલ્લા ફરિયાદ સમિતિમાં પાઠ્યપુસ્તકોનો મુદ્દો ઉઠતા તંત્ર દોડતુ થયુ, ઉચ્ચ અધિકારીઓએ કાર્યક્રમથી અંતર રાખ્યું

# 'પુસ્તકો નથી તો શું ભણાવશો?' AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના સવાલના પડઘા રાજધાની ગાંધીનગર સુધી પડ્યા

### સરકારી શાળાઓમાં પાઠ્યપુસ્તકો ન હોવાના મુદ્દે ગોપાલ ઈટાલિયાની આક્રમક રજૂઆત બાદ ગાંધીનગરના આઈપીએસ અને આઈએએસ અધિકારીઓએ શાળા પ્રવેશોત્સવમાં આવવાની ના પાડી

અમદાવાદ/જૂનાગઢ/ગુજરાત

આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જિલ્લા ફરિયાદ સમિતિની બેઠકમાં વિસાવદરની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો ન મળવાના મુદ્દે આક્રમક રજૂઆત કરતા આ મામલો ગાંધીનગર સુધી ગુંજ્યો છે. સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરથી એક આઈપીએસ અને એક આઈએએસ સહિત કુલ બે ઉચ્ચ અધિકારીઓ વિસાવદર આવવાના હતા, પરંતુ "શાળામાં પુસ્તકો નથી તો બાળકોને પ્રવેશ આપીને શું ભણાવશો?" તેવા સવાલ સાથે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ શાળા પ્રવેશોત્સવ અને પુસ્તકોના મુદ્દે વહીવટી તંત્રને ઘેરતા સમગ્ર મામલાની અસર ગાંધીનગર સુધી પહોંચી હોવાનું સામે આવ્યું છે. ૨૦ તારીખે શનિવારે બપોરે ૧૧ વાગ્યે જૂનાગઢ ખાતે યોજાયેલી જિલ્લા ફરિયાદ સમિતિની બેઠકમાં તેમણે સત્ર શરૂ થયા બાદ પણ શાળાઓમાં પુસ્તકો ઉપલબ્ધ ન હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. "ભાર વગરના ભણતર"ના બદલે "પુસ્તક વગરનું ભણતર" થઈ રહ્યું હોવાની રજૂઆત બાદ એ જ દિવસે સાંજ સુધીમાં ઉચ્ચ અધિકારીઓએ ઈ-મેઈલ દ્વારા વિસાવદર આવવાની ના પાડી હોવાનું જાણવા મળ્યું છે.

શાળા પ્રવેશોત્સવમાં હાજરી આપવા માટે આઈપીએસ વિશાલ વાઘેલા અને આઈએએસ બી.પી. ચૌહાણની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ સરકારી શાળાઓમાં પુસ્તકોના મુદ્દે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના આકરા વલણ અને રજૂઆત બાદ ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓએ વિસાવદરની મુલાકાત ટાળી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ સમગ્ર ઘટનાના પડઘા જૂનાગઢ જિલ્લાના શિક્ષણતંત્ર સુધી પહોંચ્યા છે. સરકારી શાળાના બાળકોને તાત્કાલિક ધોરણે પાઠ્યપુસ્તકો અને સ્વાધ્યાયપોથી ઉપલબ્ધ થાય તે માટે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી અને સંઘ પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ધર્મપત્ની ભાવનાબેનનુ દુ:ખદ અવસાન: મુખ્યમંત્રી સહિત મંત્રી મંડળના સાથીઓ અંતિમ સંસ્કારમાં રહ્યા હાજર



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના પૂર્વ ગૃહમંત્રી અને સંઘ પ્રદેશ દીવ, દમણ અને દાદરાનગર હવેલી તથા લક્ષદ્વીપ ના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ધર્મ પત્ની ભાવનાબેનનુ અવસાન થતા પરીવાર શોકગ્રસ્ત બન્યો છે. ભાવનાબેન બિમારી સબબ મુંબઈ ખાતે સારવાર લઈ રહ્યા હતા. જો કે સારવાર કારગત ન નીવડતા તેઓએ આજે સોમવારે સવારે અંતિમ શ્વાસ લીધા હતા. ભાવનાબેનની અંતિમયાત્રા મોડી સાંજે ૬ વાગે તેમના હિંમતનગર ખાતે આવેલા નિવાસસ્થાન ૫,શ્યામ બંગલો, બેરણા રોડ, મહાવીરનગર ખાતેથી નીકળી હતી. ભાવનાબેનના અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સમગ્ર દેશના રાજકીય, સામાજિક અને વહિવટી વર્તુળોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ હતી. વરસોથી સામાજિક અને કૌટુંબિક સ્તરે સક્રિય એવા ભાવનાબેનના નિધનથી પટેલ પરીવાર પર આભ તુટી પડયુ છે. દેશભરના અગ્રણી નેતાઓ, ઉચ્ચ અધિકારીઓ અને શુભેચ્છકો દ્વારા પ્રફુલભાઈ પટેલ અને તેમના પરીવાર પ્રત્યે ઉંડી સંવેદના વ્યકત કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર ભાવનાબેન પટેલના પાર્થીવ દેહને આજે સોમવારે બપોરે ખાસ ચાર્ટર વિમાન મારફતે દીવ દમણથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો. અમદાવાદ ખાતે તેમના પાર્થીવ દેહને લાવ્યા બાદ પરીવારજનો, સ્નેહીજનો, રાજકીય અગ્રણીઓ અને શુભેચ્છકો માટે અંતિમ દર્શનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ દુ:ખની ઘડીમાં પ્રફુલભાઈ પટેલના નિવાસસ્થાન પર સાંત્વના પાઠવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત મંત્રી મંડળના સાથીઓ હાજર રહ્યા હતા. ભાવનાબેન પટેલના અવસાન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉંડા દુ:ખની લાગણી વ્યકત કરી હતી. તેમણે સોસીયલ મીડીયા પ્લેટફોર્મ એકસ પર શોક સંદેશ પાઠવતા લખ્યુ હતુ કે સંઘ પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ધર્મપત્ની ભાવનાબેન પટેલના અવસાનના સમાચાર થી અત્યંત દુ:ખ થયુ છે. વરસોથી આ પરીવાર સાથે મારો ઘણો નિકટનો પરીચય અને ધનિષ્ઠ સંબંધ રહ્યો છે. આ કઠીન અને દુ:ખની ઘડીમાં હું તમામ પરીવારજનોને હ્રદયપૂર્વક સાંત્વના પાઠવુ છું અને પરમાત્મા સ્વર્ગસ્થ આત્માને શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના કરૂ છું.

પ્રફુલભાઈ પટેલનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથેનો સંબંધ ખુબ જ જુનો અતુટ છે. ઉત્તર ગુજરાતના વરીષ્ઠ નેતાઓના જણાવ્યા અનુસાર પ્રફુલભાઈ પટેલને રાતોરાત રાજકારણમાં આ સ્થાન મળ્યુ ન હતુ, તેમના પિતા ખોડાભાઈ પટેલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં લાંબા સમય સુધી સક્રિય રહ્યા હતા અને તે સમયથી જ નરેન્દ્ર મોદીનો તેમના પરીવાર સાથે પારીવારીક ઘરોબો અને ગાઢ સંબંધ હતો.

પ્રફુલભાઈ પટેલે વર્ષ ૨૦૦૭ ની ગુજરાત વિધાનસભા ચુંટણી દરમિયાન સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર બેઠક પરથી કોંગ્રેસના દિગ્ગજ અને ધુરંધર ઉમેદવાર સી કે પટેલને પરાજય આપીને સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તેઓ પ્રથમ વખત જ ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. વર્ષ ૨૦૧૦ ની આસપાસ જયારે ગુજરાત સરકાર ભારે રાજકીય કટોકટીમાંથી પસાર થઈ રહી હતી ત્યારે પ્રફુલભાઈ પટેલ સરકારના મુખ્ય સંકટમોચક તરીકે ઉભરી આવ્યા હતા.

સોહરાબુદીન એન્કાઉન્ટર કેસના વિવાદને કારણે તત્કાલીન ગૃહ રાજયમંત્રી અમિત શાહને કોર્ટના આદેશથી ગુજરાતની બહાર રહેવુ પડયુ હતું. તે સમયે નરેન્દ્ર મોદી સરકાર પર વિપક્ષો તરફથી ભારે આફત અને દબાણ આવી પડયુ હતું.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ @ મધ્ય ગુજરાત

# મધ્ય ગુજરાતની ઔદ્યોગિક કાયાપલટ અને 'લોજિસ્ટિક્સ પાવરહાઉસ'નું મુખ્ય ચાલકબળ એટલે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર




આગામી તારીખ ૨૯ અને ૩૦ જૂનના રોજ વડોદરા ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે, ત્યારે આ સમિટના પૂર્વાર્ધમાં વડોદરાના વરણામા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના કારણે આવેલી પરિવહન ક્રાંતિ પર વિશેષ વાત કરવી છે. કારણ કે, ભારતીય રેલવેના પરંપરાગત સાર્વજનિક ટ્રેક નેટવર્ક પર મુસાફરો અને માલસામાન બંનેનું ભારે દબાણ હોવાના કારણે માલપરિવહનની ગતિ વર્ષોથી ધીમી રહેતી હતી. વડોદરા જિલ્લાના વરણામા ખાતે સ્થાપિત ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર આ જટિલ સમસ્યાનું કાયમી અને ટકાઉ નિવારણ લાવવા માટે કટિબદ્ધ બન્યો છે.

વડોદરા જિલ્લાના ૩૦ ગામોમાંથી પસાર થતો આ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર મધ્ય ગુજરાતના વેપાર-ઉદ્યોગ માટે 'ગેમ ચેન્જર' સાબિત થવાની સાથે દેશના માલપરિવહન ક્ષેત્રે એક અભૂતપૂર્વ અને ક્રાંતિકારી સીમાચિહ્ન સાબિત થઈ રહ્યો છે. હાલમાં વડોદરા-મુંબઈ રૂટ પર દર ૨૪ કલાકમાં અંદાજે ૫૦ થી ૭૦ ગુડ્ઝ ટ્રેનો દોડી રહી છે, પરંતુ આગામી બે થી ત્રણ મહિનામાં તમામ માલગાડીઓને આ સ્પેશિયલ ટ્રેક પર ડાયવર્ટ કરવાનું સુનિયોજિત આયોજન છે.

આ આયોજન હેઠળ આગામી સમયમાં આ રૂટ પરના સમર્પિત ટ્રેક પર માલગાડીઓની સંખ્યા વધીને ૧૧૦ થી ૧૪૦ સુધી પહોંચશે, જેનાથી રેલવેની વહન ક્ષમતામાં બમણો વધારો થશે. વળી, આ પ્રક્રિયા પૂર્ણ થતાં જ જૂના પરંપરાગત ટ્રેક પર માલગાડીઓનું ભારણ શૂન્ય થઈ જશે, જેના સીધા પરિણામે પેસેન્જર ટ્રેનોની સંખ્યામાં વધારો કરી શકાશે અને તેમની ઝડપ પણ વધારી શકાશે.

વરણામા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ઉચ્ચ અધિકારીઓએ આપેલી માહિતીના આધારે સ્પષ્ટપણે કહી શકાય કે, જે જૂના ટ્રેક પર ગુડ્ઝ ટ્રેનની સરેરાશ ઝડપ માત્ર ૨૫-૨૬ કિમી/કલાક રહેતી હતી, તે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના કારણે હવે ૭૦ કિમી/કલાક સુધી પહોંચી ગઈ છે. ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (ડી.એફ.સી.સી.આઈ.એલ.) દ્વારા આ ઝડપને ૧૦૦ કિમી/કલાક સુધી લઈ જવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

કદાચ કોઈને આ વાત સામાન્ય લાગતી હોય તો આટલા અતિ મહત્વપૂર્ણ સુધારા અને ક્રાંતિને એક ઉદાહરણથી સમજીએ અને આ ગતિનો પ્રત્યક્ષ લાભ પણ આંકડાના આધારે નોંધીએ. માલગાડી સમર્પિત ટ્રેક અને ટ્રક ઓન ટ્રેન સેવાના કારણે મહેસાણાની દૂધ સાગર ડેરીથી દિલ્હી સુધીના પરિવહન સમયમાં અંદાજે ૬૦ ટકાનો ઘટાડો થયો છે. અગાઉ દૂધના ટેંકરોને દિલ્હી પહોંચતા ૧૭ કલાકનો સમય લાગતો હતો, જે હવે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના કારણે માત્ર ૭ કલાકમાં પહોંચી રહ્યા છે. આ ગતિશીલતાને કારણે ઈંધણની બચતની સાથે માલપરિવહન ખર્ચમાં પણ ઘટાડો નોંધાયો છે, જે સીધી રીતે ચીજવસ્તુઓના ભાવ ઘટાડામાં પણ સહાયક બને છે.


પશ્ચિમ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર હેઠળ વડોદરાથી મુંબઈના જવાહરલાલ નેહરુ પોર્ટ સુધી માલગાડીઓને પણ પેસેન્જર ટ્રેનોની જેમ ટાઈમ ટેબલ મુજબ ચલાવવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. ટ્રાફિકના સચોટ સંચાલન અને મોનિટરિંગ માટે અહીં ટ્રેન મેનેજમેન્ટ સિસ્ટમ જેવી અત્યાધુનિક ટેકનોલોજી કાર્યરત છે. તદુપરાંત, વધતા જતા વ્યાપારી ટ્રાફિકને પહોંચી વળવા માટે વડોદરા ખાતે ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ સ્થાપવાનું પણ આયોજન છે.

ભારતના સર્વાંગી આર્થિક વિકાસના આધારસ્તંભ સમાન ગોલ્ડન ક્વાડ્રિલેટરલ એટલે કે સુવર્ણ ચતુર્ભુજ નેટવર્ક અંગેની વિગતો પર નજર કરીએ તો, દેશના કુલ ટ્રેક કિલોમીટરના માત્ર ૧૬ ટકા જેટલો મર્યાદિત હિસ્સો ધરાવતો આ રૂટ દેશના કુલ ગુડ્સ ટ્રાફિકના આશરે ૫૮ ટકા જેટલો પ્રચંડ ભાર વહન કરે છે. અતિશય ભારણને કારણે આ રૂટ પોતાની મૂળ ક્ષમતા કરતા ૧૫૦ ટકા વધુ સંતૃપ્તિના ગંભીર તબક્કા પર ચાલી રહ્યો હતો. વરણામા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર આ સંતૃપ્તિને હળવી કરવામાં મોટી ભૂમિકા ભજવી રહ્યું છે.

આર્થિક અને વ્યાપારિક દ્દષ્ટિએ મૂલ્યાંકન કરીએ તો, હવાઈ પરિવહનનો સરેરાશ ખર્ચ પ્રતિ ટન-કિલોમીટર ૪૦ રૂપિયાથી વધુ અને રોડ ટ્રાન્સપોર્ટનો ખર્ચ ૨૫ થી ૩૦ રૂપિયા થાય છે, જેની સામે આ ડેડિકેટેડ રેલવે પરિવહનનો ખર્ચ માત્ર ૧૦ રૂપિયાથી પણ ઓછો આવે છે. આના કારણે બજારમાં મળતી જીવનજરૂરી વસ્તુઓની આખરી કિંમતમાં પ્રતિ ટન ૬ થી ૧૦ રૂપિયા સુધીનો મોટો ફાયદો સામાન્ય જનતાને સાંપડશે. જ્યારે આ પ્રોજેક્ટ દેશભરમાં પૂર્ણ ક્ષમતાથી કાર્યરત થશે ત્યારે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર દોડતા ભારે ટ્રકોના ટ્રાફિકમાં આશરે ૪૦ ટકાનો સીધો ઘટાડો નોંધાશે, કારણ કે એક માલગાડી એકસાથે ૪૦૦ જેટલા ટ્રકોનું વજન વહન કરવાની ક્ષમતા ધરાવે છે.

ડી.એફ.સી. પ્રોજેક્ટ માત્ર આર્થિક જ નહીં પણ પર્યાવરણીય દ્રષ્ટિએ પણ હિતકારી છે, કારણ કે માલસામાનનું માર્ગ પરિવહન રેલવેમાં શિફ્ટ થવાથી કાર્બન ઉત્સર્જનમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે. મુંબઈ ઉપરાંત મુન્દ્રા, પીપાવાવ અને કંડલા પોર્ટ સાથેની કનેક્ટિવિટીને કારણે ગુજરાતના નિકાસકારો માટે આ કોરિડોર આશીર્વાદરૂપ બન્યો છે.

આમ, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના માધ્યમથી જ્યારે નવા રોકાણો આકર્ષવામાં આવી રહ્યા છે, ત્યારે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર જેવી સજ્જ માળખાગત સુવિધાઓ ગુજરાતને વૈશ્વિક વ્યાપાર નકશા પર અગ્રેસર રાખવામાં પાયાની ભૂમિકા ભજવી રહ્યું છે.



આપણામાં કહેવત છે કે જેને નાચવું નહી એનું આંગણું વાંકુ અર્થાત જેને કામ જ નથી કરવું એ જાત-જાતના બહાના કાઢીને કામને ટલ્લે ચડાવે છે. ત્યારે અહીં જે તસવીર છે એ તસવીરમાં એક બાળક ખંત પૂર્વક અને ધ્યાનથી સ્કૂલનું હોમવર્ક કરીને પોતાના ભણતર પ્રત્યેની સાચી લગન લગાવી કંઈક બનવાની હોંશ સાથે કાર્ય કરી રહ્યો છે.

આ તસવીર છે રાંદેર રોડ વૃષભ ટાવર સામેના મહાવીર પેટ્રોલ પંપની જ્યાં આ વિદ્યાર્થીના પિતા આ પેટ્રોલ પંપ પર નોકરી કરતા હોવાથી રવિવાર અને રજાના દિવસોએ આવીને પિતાની પાસે આ રીતે હોમવર્ક કરતો હોય છે. એક બાજુ અન્ય વિદ્યાર્થીઓ રજાના મૂડમાં, ક્રિકેટ કે મોબાઈલમાં વ્યસ્ત થઈ સમય પસાર કરતા હોય છે ત્યારે આ તસવીરમાં દેખાતો બાળક એના માતા-પિતાની ઉમીદો અને સ્વપ્નાઓને સાકર કરવા મહેનત કરી રહ્યો છે. સાથે સાથે એના પિતાની મહેનત નજર સમક્ષ હોવાથી આ બાળકને પણ થતું હશે કે હું ક્યારે કમાઉ અને મા-બાપને મદદરૂપ બનું? ધન્ય છે આવા બાળકોને અને એવા બાળકોના માતા-પિતાને કે જેઓ પોતાના બાળકોના ભણતર માટે કેટલી કઠીનાઈઓ વેઠે છે? બસ આવા બાળકો મોટા થઈને માતા-પિતા સાથે સમાજનું ગૌરવ વધારે એજ અભ્યર્થના સાથે બેસ્ટ ઓફ લક. (તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા)

## મુંબઈ-વડોદરા હાઈવે પર ૨૫૦ની ઝડપે જતી કારનો ભયાનક અકસ્માત: યુવક-યુવતીના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના બદલાપુરથી એક અત્યંત ચોંકાવનારા અને હ્રદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. રવિવારે ૨૧ જૂનના રોજ બર્થડે સેલિબ્રેશન પતાવ્યા બાદ મિત્રો સાથે લોન્ગ ડ્રાઈવ પર નીકળેલા ત્રણ યુવાનોની સફર માત્ર ગણતરીની મિનિટોમાં જ કાળના કોળિયામાં ફેરવાઈ ગઈ હતી. મુંબઈ-વડોદરા હાઈવે પર સ્પીડની મજા સજા બની ગઈ હતી અને અકસ્માત એટલો ભીષણ હતો કે કાર પલટી ખાઈને રોડ પર ઘસડાતી ગઈ હતી, જેના લીધે મૃતકોના અંગો પણ રસ્તા પર દૂર-દૂર સુધી વેરવિખેર થઈ ગયા હતા.મૃતકોની ઓળખ બદલાપુરના રહેવાસી યોગેશ નેગી (૨૬) અને બાંદ્રાની રહેવાસી રેબેકા જેકબ (૨૪) તરીકે થઈ છે. રવિવારે યોગેશનો જન્મદિવસ હોવાથી તેણે બદલાપુર પશ્ચિમમાં પોતાના મિત્રો સાથે એક શાનદાર પાર્ટી રાખી હતી. પાર્ટી પૂરી થયા બાદ બર્થડે બોય યોગેશ, તેની મિત્ર રેબેકા અને કારનો માલિક અંગદ મોડી રાત્રે આ નિર્માણાધીન એક્સપ્રેસવે પર ફરવા માટે નીકળ્યા હતા. મળતી માહિતી મુજબ, કાર ટિટવાલાથી બદલાપુર તરફ આવી રહી હતી. આ દરમિયાન એરંજાડ વિસ્તાર પાસે ચાલકે કાર પરનો કાબૂ ગુમાવી દીધો હતો અને પૂરપાટ ઝડપે જતી કાર સીધી ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, રાત્રે આશરે ૨ થી ૩ વાગ્યાની વચ્ચે આ લક્ઝરી કાર એક્સપ્રેસવે પર ઘણી વાર ભારે ઝડપે દોડતી જોવા મળી હતી. એક ચશ્મદીદે જણાવ્યું કે, "આ કાર બે વાર અમારી સામેથી ખૂબ જ હાઈ-સ્પીડમાં પસાર થઈ હતી. પરંતુ ત્રીજી વખત એક જોરદાર ધડાકાનો અવાજ સંભળાયો. અમે જ્યારે ઘટનાસ્થળે દોડીને પહોંચ્યા ત્યારે કાર સંપૂર્ણપણે તબાહ થઈ ચૂકી હતી. એક યુવતી (રેબેકા) કારમાંથી ફગાઈને ઘણી દૂર જઈને પડી હતી અને થોડી જ વારમાં તેણે દમ તોડી દીધો હતો."આ અકસ્માતમાં યોગેશ અને રેબેકાના ઘટનાસ્થળે જ મોત થયા છે, જ્યારે કાર ચલાવી રહેલો અંગદ નામનો યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. તેને તાત્કાલિક સારવાર માટે ઠાણેની જ્યુપિટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં ડોક્ટરોના જણાવ્યા અનુસાર હાલ તેની સ્થિતિ ખતરાથી બહાર છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અકસ્માત સમયે ડ્રાઈવર દારૂના નશામાં હોવાની આશંકા છે, પરંતુ પોલીસે હજુ સુધી તેની સત્તાવાર પુષ્ટિ કરી નથી. આટલી ભયાનક ટક્કર છતાં એરબેગ્સ ખુલવાને કારણે કે અન્ય કોઈ કારણોસર અંગદનો જીવ કેવી રીતે બચ્યો, તે તેનો સત્તાવાર બયાન નોંધાયા બાદ જ સ્પષ્ટ થશે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### વીજ થાંભલાના વિરોધમાં ચાલી રહેલ આંદોલન મુદ્દે AAP દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજન

# ૨૭ જૂનના રોજ વઢવાણ તાલુકાના નગરા ગામે AAP દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજનઃ વિક્રમ દવે AAP

### ખાનગી કંપનીઓએ ખેતરોમાં ભાડૂતી પોલીસ લાવીને વળતર ચૂકવ્યા વગર વીજપોલ નાખીને દમન કર્યું: વિક્રમ દવે AAP

અમદાવાદ/સુરેન્દ્રનગર/

આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ મયૂર સાકરિયા, પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવે, પ્રદેશ સંગઠન મંત્રી ડો. કે. એમ. રાણા, લોકસભા પ્રમુખ રમેશ મેર અને સુરેન્દ્રનગર શહેર પ્રમુખ કમલેશ કોટેચા દ્વારા એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવેએ જણાવ્યું હતું કે, આગામી તારીખ ૨૭ જૂન ૨૦૨૬ના રોજ વઢવાણ તાલુકાના નગરા મુકામે સાંજે ૪ વાગે આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ખાનગી કંપનીઓએ ખેડૂતોના ખેતરોમાં ભાડૂતી પોલીસ લાવીને વળતર ચૂકવ્યા વગર વીજપોલ નાખીને જે દમન કર્યું છે, એના અનુસંધાને આમ આદમી પાર્ટીએ આ ખેડૂત મહાપંચાયતનું આયોજન કર્યું છે આમ આદમી પાર્ટી ખેડૂતો પર થઈ રહેલા અત્યાચારો અને અન્યાયની વિરુદ્ધ લડી રહી છે અને ખેડૂતોની સાથે ઉભી છે. આ મહાપંચાયતમાં વઢવાણ તાલુકા અને તેના આસપાસના વિસ્તારોમાંથી ૫,૦૦૦થી વધારે ખેડૂતો ઉપસ્થિત રહેશે. મીડિયાના માધ્યમથી અમે તમામ ખેડૂતોને અપીલ કરીએ છીએ કે વધુમાં વધુ સંખ્યામાં આ ખેડૂત મહાપંચાયતમાં પોતાની હાજરી આપો અને ખેડૂતોના આંદોલનને મજબૂત બનાવો.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ મયુર સાકરીયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, વઢવાણ તાલુકાના નગરા ગામે ખેડૂત મહાપંચાયત બોલાવવામાં આવી છે. પાવર ગ્રીડ કંપનીઓ દ્વારા, અદાણી દ્વારા ખેડૂતોના ખેતરોમાં જે થાંભલા નાખવામાં આવી રહ્યા છે, ફક્ત સુરેન્દ્રનગર જ નહીં પરંતુ આસપાસના અનેક વિસ્તારોમાં અને ગુજરાતભરના અનેક વિસ્તારોમાં ખેડૂતો સાથે આ રીતે અન્યાય થઈ રહ્યો છે. એના વિરુદ્ધમાં નગરા ગામમાં ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતોને ન્યાય મળે એ ઉદ્દેશો સાથે આ ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખેડૂત મહાપંચાયતમાં પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ખેડૂત નેતા અને ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ સહિત પ્રદેશના તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહેશે અને ખેડૂતો માટે અવાજ ઉઠાવશે.

# ગુજરાત હવે બીજુ બિહાર-યુપી બનવા જઈ રહ્યુ છે? અમદાવાદમાં ગુંડાઓ બન્યા બેફામઃ મકાનો પર પથ્થરમારોઃ અંબાજીમાં પોલીસ પર હુમલો



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હવે જાણે બિહાર-યુપી બનવા જઈ રહ્યુ હોય તેમ અસામાજીક લુખ્ખા તત્વોનો ત્રાસ વધી જવા પામ્યો છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અસામાજિક અને લુખ્ખાતત્વો દ્વારા સામાન્ય નાગરીકો તેમજ પોલીસ પર હુમલા અને તોડફોડની ચોંકાવનારી ઘટનાઓ બહાર આવી છે. અમદાવાદના મેઘાણીનગર અને રાણીપ વિસ્તારમાં બુટલેગરો અને ગુંડાઓએ રાત્રી દરમિયાન ખુલ્લેઆમ દારૂ પી ને આતંક મચાવ્યો હતો. જેના કારણે સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ઉઠયો છે. આ તત્વોએ મકાનો પર પથ્થરમારો કરી અને વાહનો સળગાવી મહિલાઓની છેડતી કરી હતી.

તો બીજી તરફ અંબાજીમાં આરોપીઓએ પથ્થરો અને લાકડીઓ વડે સીધો પોલીસ કર્મચારીઓ પર જ જીવલેણ હુમલો કરી દીધો હતો, આ ઘટના બાદ પોલીસની ટીમો પણ દોડતી થઈ હતી અને ગણતરીના કલાકોમાં જ હુમલાખોરોને ઝડપી લેવામાં આવ્યા હતા.

અમદાવાદના મેઘાણીનગરના કલાપીનગર વિસ્તારમાં અસામાજિક તત્વોએ સોસાયટી બહાર દારૂ પીધા બાદ મકાનો ઉપર પથ્થરમારો કર્યો અને હથિયારો સાથે વાહનોમાં તોડફોડ કરી આગચંપી કરી હતી, સ્થાનિકોનો આરોપ છે કે અહીં બહેન દિકરીઓની છેડતી થતી હોવાથી તેઓ બહાર નિકળી શકતા નથી, આવી જ રીતે રાણીપ ની પુનિતનગર સોસાયટીમાં બુટલેગરો દ્વારા મહિલાની છેડતી કરાતા અને પોલીસ દ્વારા કોઈ પગલા ન લેવાતા રોષે ભરાયેલા રહીશો સીધા કમિશ્નર કચેરીએ રજુઆત કરવા પહોચ્યા હતા. રહીશોએ પોલીસ અને બુટલેગરોની સાંઠગાંઠ હોવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. સ્થાનિકોનો આરોપ છે કે બુટલેગરો સોસાયટીના મુખ્ય દરવાજા આગળ ખુલ્લેઆમ દારૂ અને નશીલાપદાર્થોનુ વેચાણ કરે છે. સાથે જ સ્થાનિકો ને પણ ધમકીઓ આપે છે, સોસાયટીના લોકોનો આરોપ છે કે વરસોથી આ વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ હોવા છતાં પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી, બુટલેગર અને પોલીસની સાંઠગાંઠ હોવાનો પણ લોકોએ આરોપ લગાવ્યો હતો.

તો બીજી તરફ અંબાજીના ૮ નંબર વિસ્તારમાં એક આરોપીને પકડવા ગયેલી પોલીસ ટીમ પર બે શખ્સોએ લાકડી અને પથ્થરોથી હુમલો કરી પોલીસ વાનમાં તોડફોડ કરી હતી. જો કે સ્થાનિકોએ પોલીસને બચાવી લીધી હતી અને બાદમાં હુમલાખોરો ઝડપાયા હતા. આ સિવાય ગીર સોમનાથના ડારી ટોલબુથ પર ફાસ્ટેક બ્લેકલીસ્ટ થવાના મુદ્દે મોરબી ભાજપ મહામંત્રી તપન દવે અને ટોલ કર્મચારીઓ વચ્ચે ઉગ્ર મારામારી થઈ હતી, જેમાં પોલીસે બંને પક્ષોની ફરીયાદ નોંધી ૧૨ કર્મચારીઓને રાઉન્ડઅપ કર્યા છે. ગીર સોમનાથ જિલ્લાના ડારી ટોલબુથ પર બબાલ થઈ હતી, મોરબી જિલ્લા ભાજપ મહામંત્રી તપન દવે અને ટોલબુથના કર્મચારીઓ વચ્ચે થઈ મારામારી, ટોલ બુથનો ફાસ્ટેક બ્લેકલીસ્ટ થઈ જતા તપન દવેની કાર પસાર ન થવા દેતા પહેલા તો ઉગ્ર બોલાચાલી થઈ, બાદમાં એ જ બોલાચાલી મારામારી સુધી પહોચી ગઈ હતી, જો કે મારામારીના થોડા સમય બાદ જ વિધાનસભાના નાયબ દંડક જગદીશ મકવાણા આ જ ટોલબુથ પરથી પસાર થતા સમગ્ર ઘટનાની જાણ થતા જગદીશ મકવાણાએ પોલીસને જાણ કરી હતી, પોલીસે મોરબી જિલ્લા ભાજપ મહામંત્રી તપન દવેની ફરીયાદના આધારે ટોલબુથ પરના ૧૨ કર્મચારીઓને રાઉન્ડઅપ કર્યા હતા. તો સામે ટોલબુથના કર્મચારીએ પણ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.

# પોરબંદર યાર્ડ રિમોડેલિંગ કાર્યને કારણે ભાવનગર મંડળની કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

પશ્ચિમ રેલવે દ્વારા પોરબંદર યાર્ડના રિમોડેલિંગ કાર્ય અંતર્ગત લેવામાં આવનાર ટ્રાફિક અને પાવર બ્લોક (TWO-56) ને કારણે ભાવનગર મંડળમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોના સંચાલનમાં અસ્થાયી ફેરફારો કરવામાં આવશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર પ્રભાવિત ટ્રેનોની વિગત નીચે મુજબ છે:

સંપૂર્ણપણે રદ કરવામાં આવેલી ટ્રેનો

તા. ૨૩ જૂન ૨૦૨૬ થી ૦૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન નીચેની ટ્રેનો સંપૂર્ણપણે રદ રહેશે:

- ૫૯૨૧૪ પોરબંદર–ભાણવડ
- ૫૯૨૧૩ ભાણવડ–પોરબંદર
- ૫૯૨૧૬ પોરબંદર–ભાણવડ
- ૫૯૨૧૫ ભાણવડ–પોરબંદર
- ૫૯૨૦૬ પોરબંદર–કાનાલુસ
- ૫૯૨૦૫ કાનાલુસ–પોરબંદર

તે જ રીતે તા. ૨૫ જૂન ૨૦૨૬ થી ૦૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન નીચેની ટ્રેનો પણ રદ રહેશે:

- ૧૯૫૭૧ રાજકોટ–પોરબંદર
- ૧૯૫૭૨ પોરબંદર–રાજકોટ
- ૫૯૫૬૩ રાજકોટ–પોરબંદર
- ૫૯૫૬૪ પોરબંદર–રાજકોટ

આંશિક રીતે રદ કરવામાં આવેલી ટ્રેનો

ગાડી સંખ્યા ૫૯૫૫૭ પોરબંદર–ભાવનગર તથા ગાડી સંખ્યા ૫૯૫૬૦ ભાવનગર–પોરબંદરને તા. ૩૦ જૂન ૨૦૨૬ થી ૦૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન પોરબંદર–રાણાવાવ–પોરબંદર સેક્શન વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. આ ટ્રેનો રાણાવાવ સ્ટેશન પરથી શોર્ટ ટર્મિનેટ અને શોર્ટ ઓરિજિનેટ થશે. એટલે કે, આ ટ્રેન માત્ર ભાવનગર–રાણાવાવ વચ્ચે જ દોડશે.

પુનર્નિર્ધારિત (Rescheduled) ટ્રેન

ગાડી સંખ્યા ૫૯૫૬૨ પોરબંદર–રાજકોટને તા. ૩૦ જૂન ૨૦૨૬ થી ૦૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન પોરબંદરથી તેના નિર્ધારિત સમય કરતાં ૧ કલાક મોડેથી પ્રસ્થાન કરાવવામાં આવશે.

વિનિયમિત (Regulated) ટ્રેન

ગાડી સંખ્યા ૧૯૦૧૫ દાદર–પોરબંદર એક્સપ્રેસને તા. ૩૦ જૂન ૨૦૨૬ થી ૦૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન રાજકોટ સ્ટેશન પર ૧ કલાક ૦૫ મિનિટ માટે વિનિયમિત (રેગ્યુલેટ) કરવામાં આવશે.

રેલવે પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ મુસાફરી શરૂ કરતાં પહેલાં પોતાની ટ્રેનની સ્થિતિ અંગેની માહિતી રેલવે પૂછપરછ સેવા, NTES અથવા રેલવેની અધિકૃત વેબસાઈટ www. enquiry. indianrail. gov.in તથા મોબાઈલ એપ દ્વારા મેળવી લે. મુસાફરોને થતી અસુવિધા બદલ રેલવેને ખેદ છે.

# ગાંધીનગરના ચ-રોડ નુ બદલાશે રૂપઃ ગાંધીનગર શહેરને મળશે સ્માર્ટ ઓળખ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરની ઓળખ સમાન ચ રોડ ની આગામી દિવસોમાં કાયા પલટ થશે. ૪૯.૫૯ કરોડના ખર્ચે આ રોડને મોડલ સ્માર્ટ રોડ તરીકે વિકસાવવાનો રાજય સરકારે નિર્ણય લીધો છે. જેને લીલીઝંડી આપી દીધી છે. જેના પરીણામે આ રોડ રાજયના પાટનગરની નવી ઓળખ બનશે, લોકોની સુવિધામાં વધારો થશે, આ નિર્ણયનો ધારાસભ્ય અને ભાજપ અધ્યક્ષ દવે એ આવકાર્યો છે.

ગાંધીનગર રાજયની રાજધાની હોવાથી અહીં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના કાયક્રમો યોજાતા રહે છે. આ ઉપરાંત આ રોડ પર વિધાનસભા, સચિવાલય જેવા મહત્વના સ્થળો પણ આવેલા છે. દિન પ્રતિદિન ગાંધીનગરનો વિકાસ થતો રહે છે, ભવિષ્યમાં પણ વિવિધ



કાર્યક્રમો અને વૈશ્વિક સ્તરની પ્રવૃત્તિઓનુ મોટાપાયે આયોજનો થશે, જેના કારણે ગાંધીનગરને વધુ સુવ્યવસ્થિત અને આકર્ષક બનાવવુ જરૂરી છે. આ માટે તાજેતરમાં ધારાસભ્યએ ચ રોડને વધુ સુવ્યવસ્થિત અને આકર્ષક બનાવવા માંગણી કરી હતી. જેને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર દ્વારા હકારાત્મક પ્રતિસાદ આપીને ચ રોડને ૪૯.૫૯ કરોડના ખર્ચે મોડલ સ્માર્ટ રોડ તરીકે વિકસાવવાની મંજુરી આપી છે.

આ અંગે ધારાસભ્યએ જણાવ્યુ હતુ કે આ સ્માર્ટ રોડ ગાંધીનગરને દેશની આયોજનબધ્ધ, આધુનિક રાજધાનીઓમાં વધુ મજબુત સ્થાન અપાવશે, શહેર ભાજપ અધ્યક્ષ દવે એ પણ આ નિર્ણયને આવકારી જણાવ્યુ હતુ કે આ નિર્ણયથી માત્ર ટ્રાફીકનુ સંચાલન જ સુદ્રઢ નહી થાય, પરંતુ આધુનિક શહેરી સુવિધાઓ, હરીયાળી અને વૈશ્વિક સ્તરના સૌદર્યકરણને કારણે નાગરીકોની સુગમતામાં વધારો થશે. ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં કોમનવેલ્થ ગેમ્સ જેવી વૈશ્વિક ઈવેન્ટના આયોજનો પણ થનાર છે, ગાંધીનગરના ઈન્ફ્રાસ્ટ્રકચરને વૈશ્વિક માપદંડોની હરોળમાં લેવાનો આ એક પ્રયાસ છે. ચ રોડના સમગ્ર ૭ કિ.મી.ના પટ્ટાને નવુ રૂપરંગ અપાશે. ટ્રાફીકની સમસ્યાના નિવારણ માટેની સિસ્ટમ ગોઠવશે, અન્ય મોડલ સ્માર્ટ રોડ ની માફક અહી પણ સાયકલ ટ્રેક, ફુટપાથ, હાઈ સીકયુરીટી સીસીટીવી કેમેરાનુ સમગ્ર માળખુ ઉપરાંત ગાંધીનગરની ગ્રીન છબીએ ધ્યાને લઈને વૃક્ષારોપણ, લેન્ડ સ્કેપીંગ જેવી હરીયાળીને પણ સ્થાન આપવામાં આવશે.

# ભણશે ગુજરાતનુ રીયાલીટી ચેક : ધોરાજીની સરકારી શાળામાં ગણિત- વિજ્ઞાન જેવા મુખ્ય વિષયોના શિક્ષકો જ નથી




પ્રતિનિધિ,ગાંધીનગર

એક તરફ હાલ રાજયભરમાં શાળા પ્રવેશોત્સવની મૌસમ ચાલી રહી છે, નવુ સત્ર ખુલ્યા બાદ એક તરફ રાજયભરમાં પાઠય પુસ્તકોની ઘટ તો સામે આવી જ છે. પરંતુ ધોરાજી ઉપલેટાની સરકારી પ્રાથમિક શાળામાં મુખ્ય વિષયો ભણાવનાર શિક્ષકો જ નથી, શાળામાં ધોરણ ૬ થી ૮ માં ગણિત વિજ્ઞાનના શિક્ષકો જ નથી,

રાજકોટ જિલ્લાના ઉપલેટાના નાગવદર ગામની સરકારી પ્રાથમિક શાળામાં સ્માર્ટ બોર્ડ અને કોમ્પ્યુટરની આધુનિક સુવિધાઓ તો છે પરંતુ વિદ્યાર્થીઓને ટેકનીકલ જ્ઞાન આપનારા ટેકનીકલ શિક્ષકો જ નથી, એક તરફ ડીઝીટલ ઈન્ડીયા બનાવવાના દાવા કરાઈ રહ્યા છે અને શાળામાં કોમ્પ્યુટર શીખવનાર શિક્ષકોની જ કમી છે. ન માત્ર કોમ્પ્યુટર પરંતુ મુખ્ય વિષયો જેવા કે ગણિત-વિજ્ઞાનના શિક્ષકો જ નથી, જેના કારણે શાળાના આચાર્ય વહિવટી કામો છોડીને બાળકોને હાલ ભણાવી રહ્યા છે. ત્યારે શાળામાં વહેલીતકે આ મુખ્ય વિષયોના શિક્ષકો મુકવામાં આવે તેવી માંગ કરાઈ રહી છે. વાલીઓ અને સ્થાનિકોનુ કહેવુ છે કે સરકાર દ્વારા શિક્ષણ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે. પરંતુ જો શાળામાં મુખ્ય વિષયોના શિક્ષકો જ નહી હોય તો બાળકોનુ ભવિષ્ય કેવી રીતે ઉજજવળ બનશે ? ત્યારે હાલ તાત્કાલીક ધોરણે ખાલી જગ્યાઓ ભરવાની માંગ કરી છે.






# અમદાવાદમાં રીક્ષા ભાડામાં કરાયો વધારો : મીનીમમ ભાડુ રૂ.૨૫ થયું : પ્રતિ કિ.મી. હવે રૂ.૨૦ ચુકવવા પડશે



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરમાં લાખો મુસાફરો માટે મહત્વના સમાચાર પ્રાપ્ત થયા છે. વધતા જતા સીએનજીના ભાવને ધ્યાનમાં રાખીને રીક્ષા ભાડા માં વધારો કરવાની મંજુરી આપવામાં આવી છે.

ગાંધીનગર ખાતે ટ્રાન્સપોર્ટ કમિશ્નર કચેરીમાં યોજાયેલી બેઠકમાં રીક્ષા ચાલકોની લાંબા સમયથી ચાલતી માંગને આંશિક સ્વીકારવામાં આવી છે. નવી વ્યવસ્થા મુજબ રીક્ષાનુ મીનીમમ ભાડુ રૂપીયા ૨૦ માં થી વધારીને રૂપીયા ૨૫ કરવામાં આવ્યુ છે. એટલે કે મુસાફરોને હવે શરૂઆતના ભાડા માટે રૂપીયા ૫ વધુ ચુકવવા પડશે, ઉપરાંત પ્રતિ કિલોમીટર ભાડુ પણ રૂપીયા ૧૫ માં થી વધારીને રૂપીયા ૨૦ કરવામાં આવ્યુ છે. અંદાજે ૩ વરસ બાદ રીક્ષા ભાડામાં વધારો મંજુર કરવામાં આવ્યો છે. રીક્ષા ચાલકોનુ કહેવુ છે કે છેલ્લા કેટલાક વરસોમાં સીએનજીના ભાવમા સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા બે મહિનામાં જ સીએનજીના ભાવમાં અંદાજે રૂપીયા ૬ નો વધારો નોંધાયો છે અને ભાવ રૂપીયા ૮૮ પ્રતિ કિલો સુધી પહોચી ગયા છે. વધતા ઈંધણ ખર્ચ, વાહન જાળવણી અને અન્ય ખર્ચને કારણે હાલના ભાડા દરો પર વ્યવસાય ચલાવવો મુશ્કેલ બની ગયો હતો.

રીક્ષા ચાલક એકતા યુનિયન દ્વારા અનેક વખત વાહન વ્યવહાર કમિશ્નર સમક્ષ ભાડા વધારાની માંગ કરવામાં આવી હતી, પરંતુ લાંબા સમય સુધી કોઈ નિર્ણય ન લેવાતા યુનિયને સ્વયં ભાડામાં વધારો કરવાની જાહેરાત કરી હતી. યુનિયને મીનીમમ ભાડુ રૂપીયા ૫૦ અને પ્રતિ કિલોમીટર રૂપીયા ૨૦ કરવાની માંગણી કરી હતી. આ મુદ્દે ટ્રાન્સપોર્ટ કમિશ્નર, અમદાવાદ આરટીઓ અધિકારીઓ, રીક્ષા ચાલક વેલફેર એસોસીએશન, સ્માર્ટ સીટી ડ્રાઈવર યુનિયન અને નિષ્ણાંતોની હાજરીમાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં સર્વ સંમંતિથી પ્રતિ કિલોમીટર ભાડુ રૂપીયા ૨૦ કરવાની માંગણી સ્વીકારવામાં આવી હતી. જયારે મીનીમમ ભાડુ રૂપીયા ૫૦ કરવાની માંગણીને મંજુરી આપવામાં આવી ન હતી. તેના બદલે મીનીમમ ભાડુ રૂપીયા ૫ નકકી કરવામાં આવ્યુ છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સ્કુલવાન અને સ્કુલ રીક્ષાના ભાડા માં પણ વધારો કરવામાં આવ્યો હતો. સીએનજીના સતત વધતા ભાવને કારણે સ્કુલ વાનના ભાડામાં રૂપીયા ૨૦૦ અને સ્કુલ રીક્ષાના ભાડામાં રૂપીયા ૧૦૦ વધારો જાહેર કરવામાં આવ્યો હતો. આ અગાઉ ૧૬ મે ૨૦૨૬ ના રોજ અદાણી સીએનજી દ્વારા પણ સીએજીના ભાવમાં રૂપીયા ૨.૨૫ નો વધારો કરવામાં આવ્યો હતો. સતત વધી રહેલા ઈંધણના ભાવની અસર હવે જાહેર પરીવહન ક્ષેત્રમાં સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. નવા ભાડા દરો અમલમાં આવ્યા બાદ એક તરફ રીક્ષા ચાલકોને આર્થિક રાહત મળશે. તો બીજી તરફ મુસાફરોના રોજીંદા પરીવહન ખર્ચમાં વધારો થશે. ખાસ કરીને રોજીંદા મુસાફરી કરતા નોકરીયાત વર્ગ, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરીકોના બજેટ પર તેની સીધી અસર જોવા મળી શકે છે.

# કચ્છ જિલ્લાના નખત્રાણામાં એક જ શિક્ષકના ભરોસે ચાલતી શાળામાં વાલીઓએ કર્યા તાળાબંધી




પ્રતિનિધિ,ગાંધીનગર

કચ્છ જિલ્લાના નખત્રાણા પોલીસ લાઈન વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળામાં શિક્ષકોની ગંભીર અછતને પગલે રોષે ભરાયેલા વાલીઓએ શાળાને તાળાબાંધી કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

છેલ્લા ઘણા વરસોથી આ શાળામાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવે છે. જે ૫ ધોરણના વિદ્યાર્થીઓને ભણાવવાની સાથે સાથે પ્રિન્સિપાલની જવાબદારી અને બીએલઓ ની વહિવટી ફરજો પણ સંભાળે છે. આ વહિવટી ભારણના કારણે શિક્ષણ વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. કંટાળેલા વાલીઓએ સવારે શાળા ખુલતાની સાથે જ પ્રવેશબંધી કરીને તાળા મારી દીધા હતા. વાલીઓની સ્પષ્ટ માંગ છે કે જયાં સુધી શાળામાં પુરતી સંખ્યામાં શિક્ષકો ની નિમણુંક કરવામાં નહી આવે ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે.

# નેશનલ હેલ્થ મિશન ભરતી મામલે કમિશ્નર ગ્રામ્ય કહે છે ભરતીનો હજુ સમયગાળો લાગશે

## લ્યો બોલો ૧ વરસથી વધુ સમયગાળો થવા છતાંય કમિશ્નર ગ્રામ્યને હજુ સમય જોઈએ છે?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના આરોગ્ય વિભાગના તાંબા હેઠળના નેશનલ હેલ્થ મિશન અંતર્ગત રાજયની જિલ્લા પંચાયતોમાં અલગ અલગ કેડરની મંજુર થયેલ જગ્યાઓ ભરવા માટે અખબારોમાં જાહેરાત આપવામાં આવી હતી.

તે અંતર્ગત લાયકાત ધરાવતા લાખો ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભર્યા હતા. ફોર્મ ભર્યા બાદ ભરતીની પ્રક્રિયા શરૂ થતા ની સાથે જ મંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા રોક લગાડી દેવામાં આવતા કેટલાક બેરોજગાર ઉમેદવારોનુ ભાવિ અંધકારમય બની જવા પામ્યુ હતું. ત્યારે ગરવી ગુજરાત અખબાર દ્વારા બેરોજગાર ઉમેદવારોના સમર્થનમાં સતત અખબારોમાં સમાચારો પ્રસિધ્ધ કરવામાં આવતા અંતે મંત્રીના પીએસ વિપુલ મહેતા દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે મંત્રીશ્રી દ્વારા વિચારણાના અંતે એ.સી.એસ ટોપનો, કમિશ્નર શહેરી, ગ્રામ્ય કમિશ્નર સાથેની મીટીંગમાં ભરતી પ્રકરણનો મુદ્દો ધ્યાને લેવામાં આવ્યો હતો અને મંત્રીશ્રી દ્વારા તાત્કાલીક ભરતી કરવા માટે કમિશ્નર ગ્રામ્યને સુચનો કરવામાં આવ્યા હતા.

આ અંગેના સમાચારો અખબારોમાં પ્રસિધ્ધ થતા લાખો ઉમેદવારોએ મંત્રી પ્રફુલ પાનસેરીયાનો આભાર માન્યો હતો. તો બીજી તરફ મંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા ભરતી માટેના આદેશો આપવામાં આવ્યા હોવા છતાં કમિશ્નર ગ્રામ્ય દ્વારા મીડીયા સાથેની વાતચીતમાં કમિશ્નર ગ્રામ્ય દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે ભરતીમાં હજુ સમયગાળો લાગશે. તો સવાલ એ ઉઠી રહ્યો છે કે એક વરસથી વધુ સમયગાળા થી ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોવા છતાંય કમિશ્નર ગ્રામ્ય દ્વારા હજુ સમયગાળો લાગશે તેવુ કહેવામાં આવતા કમિશ્નર ગ્રામ્યની કામગીરી સામે લાખો બેરોજગાર ઉમેદવારોમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.

# ગંદા રાજકારણમાં સિધ્ધાંતોનું સૂરસૂરિયું પક્ષપલટો લોકશાહી માટે શરમ જનક?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતીય રાજકારણને જાણે કે ભ્રષ્ટાચારનું ગ્રહણ લાગ્યું હોય એમ ખુલ્લે આમ સિધ્ધાંતોનું ચીરહરણ કરીને બેશરમી રીતે કરાવાતો અથવા કરાતો પક્ષ પલટો લોકશાહી માટે શરમજનક જ નહીં પરંતુ જાહેર જીવનમાં પડેલી વ્યક્તિના ચારિત્ર્યનું પણ પ્રતિબિંબ પાડે છે. આવા બેશરમી રીતે કરાતો કે કરાવાતો પક્ષ પલટો જોતા વરસો પહેલાંની એક ફિલ્મની યાદ આવી જાય છે. જે ફિલ્મનું નામ હતું "દુલ્હા બિકતા હૈ" અને એનું શીર્ષક ગીત પણ હતું કે દુલ્હા બીકતા હૈ બોલો ખરીદોગે" આ ગીત દહેજ પ્રથા પર આકરો કટાક્ષ કરી દહેજના દૂષણ સામે અવાજ ઉઠાવ્યો હતો. હવે આ ગીતમાં કંઈક અલગ કરીને એનું નામ "નેતા બિકતા હૈ બોલો ખરીદોગે" કરવાની જરૂર છે. કારણ કે આપણે ત્યાં એટલી હદે નેતાઓ બિકાઉ થઈ ગયા છે અને એમાંય છેલ્લા દસેક વર્ષથી દેશભરમાં દરેક પક્ષના ધારાસભ્યો,સાંસદો જે રીતે પાટલી બદલી રહ્યા છે, વેચાઈ રહ્યા છે, ખરીદાઈ રહ્યા છે તે જોઈને સતત આઘાત લાગી રહ્યો છે. અને આ રીતે આ પક્ષમાંથી બીજા પક્ષમાં પલટો કરીને જોડાઈ જવાના બનાવો હાલ એટલી હદે વધી ગયા છે કે એવું લાગે છે કે આપણે ત્યાં જાણે કે પક્ષીય લોકશાહીનો કોઈ અર્થ જ રહ્યો નથી.

કારણ કે ક્યારે કયા પક્ષનો ઉમેદવાર કયા પક્ષમાં જતો રહેશે એની કોઈ મર્યાદા જ નથી રહી. નેતાઓને તો જરા પણ શરમ નથી રહી પરંતુ મૂલ્યો અને સિદ્ધાંતોની વાતો કરનારા પક્ષોને પણ આ રીતે પક્ષ પલટુઓને આવકારવામાં કોઈ છોછ રહ્યો નથી. પરિણામે એવું લાગે છે કે લોકશાહીના મૂલ્યોનો જ નાશ થઈ રહ્યો છે. તમે એક મતદાર તરીકે ધારો કે કોઈ વિચારધારા કે સિદ્ધાંતને વરેલા પક્ષને મત આપ્યો હોય અને એ તમારા મતોથી ચૂંટાયેલા નેતા પરિણામ બાદ તરત જ તમે જેની વિરૂધ્ધમાં મત આપ્યો હોય એ પક્ષના ખોળામાં બેસી જાય તો તમને કેટલો આઘાત લાગે? આવા આઘાતો અત્યારે દેશમાં ઠેર ઠેર સતત પ્રજાને લાગી રહ્યા છે. આ બાબત નિરાશાજનક છે કે કોઈ પક્ષ સત્તાના ગણિતમાં જ્યારે નબળો પડી જાય છે ત્યારે તેના નેતાઓ સગવડિયું રાજકારણ રમવા લાગે છે. અને જ્યાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સત્તાની લાલસામાં સિદ્ધાંતોનો ત્યાગ કરી લે છે ત્યારે લોકશાહીમાં ખંજર ભોંકવા સિવાય અન્ય કશું જ નથી કરતા આ લેભાગું પક્ષપલટુઓ. બેશરમ ને શરમ ક્યાંથી હોય?

# પૂર્વ અગ્નિવીરો માટે ગુજરાત સરકારે લીધો મહત્વનો નિર્ણય : પોલીસ, જેલ અને વનવિભાગની ભરતીમાં મળશે ૨૦ ટકા અનામત

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત સરકાર દ્વારા પૂર્વ અગ્નિવીરોના ભવિષ્યને વધુ સુરક્ષિત અને ઉજજવળ બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજય સરકારના વિવિધ વિભાગોમાં થતી વર્ગ -૩ સંવર્ગની સીધી ભરતીમાં પૂર્વ અગ્નિવીરોને ૨૦ ટકા અનામત આપવાની જાહેરાત કરી છે. આ નિર્ણયથી અગ્નિવીર યોજના હેઠળ સેવા પુર્ણ કરનારા યુવાનોને સરકારી નોકરીમાં નવી તકો પ્રાપ્ત થશે.

માત્ર અનામત જ નહી પરંતુ પૂર્વ અગ્નિવીરોને ભરતી પ્રક્રિયામાં વિશેષ રાહતો પણ આપવામાં આવશે, રાજય સરકારના આ નિર્ણયને યુવાનો માટે મહત્વપૂર્ણ અને પ્રોત્સાહક પગલુ માનવામાં આવી રહ્યુ છે. ખાસ કરીને અગ્નિવીર યોજના હેઠળ દેશ સેવા કર્યા બાદ કારર્કિદીની નવી દિશા શોધી રહેલા યુવાનોને આ નિર્ણયથી મોટો લાભ મળશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પૂર્વ અગ્નિવીરોને સીધી ભરતી માટેની શારીરિક ક્ષમતા કસોટીમાંથી મુકિત આપવાનો પણ નિર્ણય લીધો છે, ઉપરાંત ભરતી માટે નકકી કરાયેલી ઉપલી વયમર્યાદામાં ૩ વરસ સુધીની છુટછાટ આપવામાં આવશે, અગ્નિવીર યોજનાની પ્રથમ બેચના સભ્યોને વધુ લાભ આપતા રાજય સરકારે તેમને ઉપલી વયમર્યાદામાં પણ ૫ વરસ સુધીની છુટછાટ આપવાના પણ દિશા નિર્દેશો જાહેર કર્યા છે. જેના કારણે પ્રથમ બેચના અગ્નિવીરોને સરકારી નોકરી માટે વધુ તક મળશે, રાજય સરકારના આ નિર્ણયનો લાભ અનેક મહત્વપૂર્ણ વિભાગોની ભરતીમાં મળશે. જેમાં હથિયારી પોલીસ સબઈન્સ્પેકટર, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, સ્ટેટ રીઝર્વ પોલીસ (એસઆરપી) ના પ્લાટુન કમાન્ડર તેમજ પોલીસ કોન્સ્ટેબલની ભરતીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જેલ વિભાગ હેઠળની જેલર ગૃપ-૨ અને જેલ સીપાઈની ભરતીમાં પણ પૂર્વ અગ્નિવીરોને અનામત અને અન્ય રાહતોનો લાભ મળશે, વન અને પર્યાવરણ વિભાગ હેઠળ વનરક્ષક વર્ગ-૩ અને વનપાલ વર્ગ-૩ સંવર્ગોની ભરતીમાં પણ આ જોગવાઈ લાગુ પડશે.

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી અગ્નિપથ યોજના અંતર્ગત ૪ વરસ સેવા આપનારા અગ્નિવીરો માટે સેવા બાદ રોજગાર અને પુનર્વસનનો મુદ્દો મહત્વનો રહ્યો છે. ગુજરાત સરકારનો આ નિર્ણય અગ્નિવીરોને સરકારી ક્ષેત્રમાં કારર્કિદી બનાવવા માટે મહત્વપૂર્ણ તક આપશે. રાજય સરકારના આ નિર્ણયથી હજારો પૂર્વ અગ્નિવીરોને લાભ મળવાની સંભાવના છે. સાથે જ રાજયની સુરક્ષા અને વહિવટી વ્યવસ્થામાં તાલીમ પ્રાપ્ત યુવાનોની સેવાઓનો વધુ અસરકારક ઉપયોગ પણ થઈ શકશે.

# વહિવટી તંત્રમાં મોટો ફેરફાર: આઈએએસ અલોક પાંડે પાસેથી ૩ વધારાના ચાર્જ પરત લેવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજય સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા ગઈ કાલે રવિવારે મહત્વપૂર્ણ વહિવટી આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ આદેશ હેઠળ ભારતીય વહિવટી સેવા (આઈએએસ) ના વરીષ્ઠ અધિકારી અલોકકુમાર પાંડે પાસે રહેલા ૩ વધારાના ચાર્જ હટાવીને અન્ય અધિકારીઓને સોંપવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા કરવામાં આવેલા આ ફેરફારોને વહિવટી કાર્યક્ષમતા અને વિભાગીય જવાબદારીઓના વધુ અસરકારક સંચાલનના ભાગરૂપે જોવામાં આવી રહ્યા છે.

જાહેર કરાયેલા આદેશ મુજબ હાલ રેવન્યુ ઈન્સ્પેકશન કમિશ્નર અને રેવન્યુ વિભાગના એકસ-ઓફીસીયો સચિવ તરીકે કામગીરી સંભાળતા આઈએએસ અધિકારી રાજેશ માંઝુ (બેચ ૨૦૦૪) ને વધુ બે મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે. હવે તેઓ રાહત કમિશ્નર તેમજ રેવન્યુ વિભાગના એકસ-ઓફીસીયો સચિવ તરીકે પણ ફરજ બજાવશે. રાજેશ માંઝુ ને માત્ર રાહત કમિશ્નરની જવાબદારી જ નહી પરંતુ ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (જીએસડીએમએ) ના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) તરીકેનો વધારાનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે. રાજયમાં કુદરતી આફતો, વરસાદી પરિસ્થિતિઓ, ભુકંપ, વાવાઝોડા અને અન્ય આપત્તિજનક પરિસ્થિતિઓના સંચાલનમાં ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ની ભુમિકા અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. રાજયમાં ચોમાસાની શરૂઆત થઈ ચુકી છે. ત્યારે રાહત કમિશ્નર અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ના મુખ્ય કાર્યકારી અધિકારી જેવી બે મહત્વપૂર્ણ જવાબદારીઓ એક જ અધિકારીને સોંપવાનો નિર્ણય પણ નોધપાત્ર માનવામાં આવી રહ્યો છે. આ બંને પદો રાજયના આપત્તિ વ્યવસ્થાપન અને રાહત કામગીરી સાથે સીધા જોડાયેલા હોવાથી આગામી સમયમાં રાજેશ માંઝુની ભુમિકા વધુ મહત્વપુર્ણ બની શકે છે.

રાજય સરકારના આ આદેશમાં અન્ય એક મહત્વપૂર્ણ ફેરફાર પણ કરવામાં આવ્યો છે. હાલમાં એડીશનલ ડેવલપમેન્ટ કમિશ્નર તરીકે ફરજ બજાવતા આઈએએસ અધિકારી યોગેશ બી નિર્ગુડે (બેચ-૨૦૧૩) ને યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશ્નર તરીકેનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ રાજયમાં રમત ગમત, યુવા વિકાસ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ સરકારી પહેલોના અમલીકરણમાં મહત્વની ભુમિકા ભજવે છે. આ વિભાગના કમિશ્નર તરીકેની વધારાની જવાબદારી મળતા યોગેશ નિર્ગુડે હવે વિકાસલક્ષી કામગીરી ઉપરાંત યુવા અને સાંસ્કૃતિક ક્ષેત્રના વહિવટી સંચાલન પર પણ નજર રાખશે. સરકારી આદેશ અનુસાર ઉપરોકત ત્રણેય વધારાના ચાર્જ અગાઉ આઈએએસ અધિકારી અલોકકુમાર પાંડે પાસે હતા. હવે આ જવાબદારીઓ અલગ અલગ અધિકારીઓને સોંપાતા તેમના કાર્યભારનુ પુનઃ વિતરણ કરવામાં આવ્યુ છે. વહિવટી વર્તુળોમાં આ નિર્ણયને કાર્યક્ષેત્રની સ્પષ્ટતા અને જવાબદારીઓના વધુ અસરકારક વહેંચણી તરીકે જોવામાં આવી રહ્યા છે.

રાજય સરકાર સમયાંતરે વિભાગીય જરૂરીયાતો, પ્રાથમિકતાઓ અને કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને આવા ચાર્જ ઓર્ડર બહાર પાડતી રહે છે. ખાસ કરીને મહત્વપૂર્ણ વિભાગોમાં કામકાજની ગતિ જળવાઈ રહે અને નિર્ણય પ્રક્રિયા વધુ અસરકારક બને તે માટે આવા ફેરફારો કરવામાં આવે છે. સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આજે તારીખ ૨૨ જુનના રોજ જાહેર કરાયેલા આદેશમાં સ્પષ્ટ કહેવામાં આવ્યુ છે કે આ નવી જવાબદારીઓ અને ચાર્જ ની વ્યવસ્થા આગામી આદેશ સુધી અમલમાં રહેશે. સરકાર તરફથી નવા આદેશો બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી સંબાંધિત અધિકારીઓ પોતાની નવી સોંપાયેલી જવાબદારીઓ સંભાળશે. રાજયના વહિવટી માળખામાં કરવામાં આવેલા આ ફેરફારો આગામી સમયમાં વિવિધ વિભાગોની કામગીરી અને નિર્ણય પ્રક્રિયા પર કેવી અસર કરે છે તેના પર હવે સૌની નજર રહેશે.